જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૧૦/૨૦૨૦ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૬૯૯/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૪/૧૦/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૫૯૦ | ૧૨ | ૧૦૬૦૨ | ૧૬૭૦૦ | ૧૬ | ૧૬૭૧૬ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૪૩ | ૦ | ૪૩૪૩ | ૫૮૫૮ | ૦ | ૫૮૫૮ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૮ | ૦ | ૪૮ | ૨૧૯ | ૦ | ૨૧૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૪૬૮૪ | ૨૦ | ૧૪૭૦૪ | ૧૫૪૫૨ | ૨૩ | ૧૫૪૭૫ |
| | કુલ | ૨૯૬૬૫ | ૩૨ | ૨૯૬૯૭ | ૩૮૨૨૯ | ૩૯ | ૩૮૨૬૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૮૬ | ૧૧,૩૨,૩૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૬૧૦ | ૧૬,૧૦,000/- |

## પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**નરોડા પોલીસ સ્ટેશનઃ-**

### પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઇટ પેટ્રોલીગ દરમ્યાન ભારતીય બનાવટની વિદેશીદારૂની ૮૪ બોટલ કિ રૂ ૪૨,૦૦૦/- તથા ઓટો રીક્ષા કી.રૂ. ૬૦,૦૦૦/- સાથે કુલ્લે રૂ.૧૦,૨૦૦૦/- નો મુદામાલ પકડી પાડતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના. પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી "જી" ડીવીઝન તથા પો.ઇન્સ શ્રી જે.જી.પટેલ સાહેબ નાઓની સુચના આધારે પ્રોહીબીશનની બદી નેસ્તનાબુદ કરવા સારૂ સુચના કરેલ હોય જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી જે.જી.પટેલ નાઓની સુચના મુજબ પો.સ.ઇ. એસ.એમ.ઠાકોર તથા સાથેના માણસો નાઇટ પેટ્રોલીંગમા હતા. દરમ્યાન સાથેના પો.કો.કરણસીંહ રામસીંહ નાઓને બાતમી હકીકત આધારે દહેગામ રીંગ રોડ સર્કલથી આગળ બિલાસીયા બસ સ્ટેન્ડ પાસેથી ભારતીય બનાવટની વિદેશીદારુની બોટલ નંગ-૮૪ કિ રૂ ૮૪૦૦૦/- તથા સી.એન.જી. ઓટો રીક્ષા કી.રૂ. ૬૦,૦૦૦/- સાથે કુલ્લે રૂપીયા ૧૦,૨૦૦૦/- મુદામાલ સાથે તા.૦૪/૧૦/૨૦૨૦ ના કલાક ૦૫/૩૦ વાગે નહી પકડાયેલ સી.એન.જી. ઓટોરીક્ષા ચાલક વિરુધ્ધ ધી પ્રોહી કલમ- ધી પ્રોહી. એક્ટ કલમ ૬૬(૧)બી, ૬૫એ.ઇ, ૧૧૬(બી), ૯૮(૨) મુજબના ગુન્હો દાખલ કરી સારી કામગીરી કરેલ છે. તા.૦૪/૧૦/૨૦૨૦

મુદ્દામાલ – ભારતીય બનાવટની વિદેશીદારુની બોટલ કુલ નંગ-૮૪ કિ રૂ ૪૨,૦૦૦/- તથા સી.એન.જી. ઓટો રીક્ષા કી.રૂ. ૬૦,૦૦૦/- સાથે કુલ્લે મુદામાલ રૂ. ૧૦,૨૦૦૦/-

કામગીરી કરનાર કર્મચારી

પો.સ.ઇ.એસ.એમ.ઠાકોર તથા એ.એસ.આઇ. હીમ્મતસીંહ ઉદેસીંહ બ.ન.૮૧૨૬ પો.કો.કરણસીંહ રામસીંહ બ.ન.૬૧૯૯ તથા પો.કો. જીતેન્દ્રસીંહ રામાવતારસીંહ બ.ન.૩ ૨૭.

આરોપીનુ નામ– નહી પકડાયેલ સી.એન.જી. ઓટોરીક્ષા નં-GJ-01-CY-2648 નો ચાલક (ડ્રાઇવર)





**નરોડા પોલીસ સ્ટેશનઃ-**

## તા.૦૪/૧૦/૨૦ નારોજ પોલીસ  સ્ટેશન  વિસ્તારમાં પેટ્રોલીગ દરમ્યાન ૭૦ લીટર દેશીદારૂ સાથે એક મહિલા લીસ્ટેડ બુટલેગરને પકડી પાડતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધીક પોલીસ કમીશ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના.પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી “જી” ડીવીઝન નાઓએ અમદાવાદ શહેર ખાતે  પ્રોહીબીશનની બદી નેસ્તનાબુદ કરવા સારૂ સુચના કરવામાં આવેલ હોય તે અનુસંધાને સખતમાં સખત પેટ્રોલીંગ રાખવા સુચના કરેલ હોય જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી જે.જી.પટેલ નાઓની સુચના મુજબ પો.સ.ઇ. ડી.કે.મોરી તથા સર્વેલન્સ સ્ક્વોડના માણસો પેટ્રોલીંગમા હતા દરમ્યાન બાતમી હકીકત આધારે એક મહીલા ને તા.૦૪/૧૦/૨૦૨૦ ના નરોડા જી.આઇ.ડી.સી રેલ્વે પાટા પાસે સીતળાનગર સામે જાહેરમાં પોતાના કબ્જામાં વગર પાસ પરમીટે ગે.કા. નો દેશીદારૂ જથ્થો ૭૦ લીટર કિ.રૂ.૧૪૦૦/૦૦ નો રાખી મળી આવતા તેના વિરૂધ્ધ ધી પ્રોહી એકટ કલમ ૬૬બી, ૬૫ ઇ ,૮૧,મુજબ ગુન્હાના કામે અટક કરી સારી કામગીરી કરેલ છે . તા-૦૪/૧૦/૨૦૨૦

આરોપીનુ નામ –

(૧) રીના વા/ઓ યોગેશ ઘાંસી ઉ.વ.૪૨  રહે- સુભાષનગરના છાપરા,તીવારી સ્કુલની અંદર,નોબલનગર,સરદારનગર, અમદાવાદ શહેર

(૨) સુનીલ જયંતીભાઇ જાતે.ઠાકોર ઉ.વ.૨૬ રહે- સુભાષનગરના છાપરા,ગણપતી મંદીર પાસે,નોબલનગર ,સરદારનગર, અમદાવાદ શહેર

મુદ્દામાલ – ૭૦ લીટર દેશી દારુ કિ.રૂ.૧૪૦૦/- ની મત્તાનો

કામગીરી કરનાર કર્મચારી

સર્વે સ્વોડ પો.સ.ઇ. ડી.કે.મોરી તથા એ.એસ.આઇ જયેન્દ્રસિંહ રૂપસિંહ બ.નં-૭૦૩૯ તથા એ.એસ.આઇ. જેઠાભાઇ બહેચરભાઇ બ.નં.૮૦૩૨ તથા તથા જયેન્દ્રસિંહ કલ્યાણસિંહ બ.નં.૪૧૫૮ તથા પો.કો.વિષ્ણુભાઇ હીરાભાઇ બ.નં.૧૩૧૮૩ તથા પ્રકાશભાઇ ભીખાભાઇ બ.નં.૧૦૮૦૯ તથા પો.કોન્સ પ્રદિપકુમાર રામાભાઇ બ.નં-૧૦૩૬૧ તથા એલ.આર મયુરધ્વજસિંહ અનિરૂધ્ધસિંહ બ.નં-૧૪૬૭

# જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**ખાડીયા પોલીસ સ્ટેશનઃ-**

## જુગાર ધામ ઉપર રેઇડ કરી જુગાર રમતા ઇસમોને ઝડપી પાડતી ખાડીયા પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડ

મહે.પોલીસ કમિશ્નર સાહેબ અમદાવાદ શહેર તથા અધીક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૩ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “ઇ” ડીવીઝન તથા પોલીસ ઇન્સપેકટરશ્રી પી.ડી.સોલંકી સાહેબ ખાડીયા પોલીસ સ્ટેશનનાઓ તરફથી પ્રોહી/જુગાર ની પ્રવૃતી નેસ્ત નાબુદ કરવા મળેલ સુચના આધારે આજ રોજ અમો તથા અ.હેડ.કોન્સ. ભાગ્યદિપ મહેશકુમાર બ.નં. ૮૫૨૨ તથા અ.હેડ કોન્સ. માલજીભાઇ નાથુભાઇ બ.નં. ૪૩૯૦ તથા અ.પો.કો. જગદિશભાઇ જેઠાભાઇ બ.નં. ૬૯૬૧ તથાઅ.પો.કો. વિષ્ણુભાઇ દેવીસિંહ તથા અ.પો.કો. ધૃવરાજસિંહ અશોકસિંહ તથા અ.પો.કો. કુંદનકુમાર ભરતભાઇ તથા અ.લો.ર. મુકેશભાઇ કાનજીભાઇ તથા અન્ય પોલીસ સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના અ.હેડ.કોન્સ. ભાગ્યદિપ મહેશકુમાર તથા અ.પો.કો. જગદિશભાઇ જેઠાભાઇ ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે “રૂઘનાથબંબની પોળમાં આવેલ ઓમકાર ફ્લેટમાં મ.નં. બી/૩૦૧માં મકાન માલીક બહારથી ખેલીઓ બોલાવી પોતાના મળતીયા માણસો મારફતે પોતાના અંગત આર્થિક ફાયદા સારૂ પૈસા પાનાથી માંગ પત્તાનો ગેરકાયદેસરનો રૂપિયાની હારજીતનો જુગાર નાળ ઉઘરાવી રમી રમાડે છે” જે બાબમી હકીકત આધારે સદરી બાતમી હકીકત વાળી જગ્યાએ રેઇડ કરી જુગાર રમતા (૧) નૈનેશ મનસુખલાલ સોની+૦૮ =૦૯ આરોપીઓને ઝડપી લઇ અંગઝડતી તથા દાવના રોકડ નાણાં રૂ. ૫૮,૧૦૦/ તથા અલગ અલગ કંપનીના મોબાઇલ ફોન નંગ ૦૭ કિ. રૂ. ૩૭,૦૦૦/ તથા અલગ લલગ ટુ વ્હિલર વાહનો ૦૪ કિ.રૂ. ૯૬,૦૦૦/- મળી કુલે કિં.રૂ. ૧,૯૧,૧૦૦/-નો મુદ્દામાલ ઝડપી લઇ ધી જુ.ધા. કલમ ૪,૫ મુજબ કાયદેસરની કાર્યવાહી કરીપ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે. તા. ૦૪/૧૦/૨૦૨૦.

**કૃષ્ણનગર પોલીસ સ્ટેશનઃ-**

## આઇ.પી.એલ.૨૦-૨૦ ક્રિકેટ મેચ ઉપર સટ્ટો-જુગાર રમતા ઇસમોને પકડી પાડતી કૃષ્ણનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી " જી " ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ પો.ઇન્સ શ્રી જે.આર.પટેલ સાહેબ નાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કોર્ડના પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ તથા સાથેનો સ્ટાફ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી/જુગારની પ્રવૃત્તી ની શોધ-ખોળ સારૂ તેમજ કોરાના વાયરસની વૈશ્વીક મહામારીને લઇને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ આજરોજ તા.૦૩/૧૦/૨૦૨૦ ના રોજ ક.૧૭/૦૦ થી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા ક.૧૮/૨૦ વાગે વિજય પાર્ક ત્રણ રસ્તા ખાતે આવતા અમોને સાથેના અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ નાઓએ ખાનગી બાતમી હકીકત આપેલ કે " સરદાર ચોક પાસે આવેલ મારૂતી પ્લાઝા બિલ્ડીંગની અંદર ત્રીજા માળે ઓફિસ નંબર-૩૨૯ ની અંદર નયન પ્રવિણભાઇ પટેલ નાઓ હાલમાં દુબઇમાં ચાલતી આઇ.પી.એલ. ક્રિકેટ સટ્ટા બેટીંગનો બહારથી માણસો બોલાવી જુગાર રમી રમાડે છે અને આજરોજ રાજસ્થાન રોયલ તથા રોયલ ચેલેન્જર બેંગ્લોર નાઓ વચ્ચે ટવેન્ટી-ટ્વેન્ટી ક્રિકેટ મેચનું દુબઇ ખાતે શેઝ જાયદ સ્ટેડીયમ અબુધાબી માં રમાઇ રહેલ ક્રિકેટ મેચનું ટી.વી.માસ્ટર સ્પોર્ટસ-૧ ઉપર જીવંત પ્રસારણ જોઇ તેના ઉપર પોતાના અંગત આર્થીક ફાયદા સારૂ લેપટોપ તથા મોબાઇલ ઉપર ક્રિકેટના સટ્ટા-બેટીંગનો હારજીત નો જુગાર રમી રમાડે છે " વિગેરે હકિકત આધારે સદરી જગ્યાએ નાયબ પોલીસ કમિશ્નનર શ્રી ઝોન-૪ અમદાવાદ શહેર નાઓના જુગાર ધારા કલમ-૬ મુજબના વોરંટ નંબર-૨૮૩/૨૦ તા.૦૩/૧૦/૨૦૨૦ ના ઇશ્યુ થયેલ વોરન્ટ આધારે પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ નાઓએ સ્ટાફના માણસો મારફતે પંચોને સાથે રાખી સદરી જગ્યાએ ચારેય બાજુ ખાનગી રીતે ગોઠવાઇ જઇ ઓફિસની અંદર રેઇડ કરી ચાર ઇસમોને જગ્યા ઉપરથી પકડી પાડી તા.૦૩/૧૦/૨૦૨૦ ના ક.૨૧/૪૫ વાગે અટક કરી જુગાર ધારા કલમ-૪,૫ મુજબની કાયદેસરની કાર્યવાહી કરી ક્રિકેટ મેચ સટ્ટાનું ID Adrospot રાકેશકુમાર કનુભાઇ પટેલ રહે,તરૂણનગર ભુયંગ દેવ ચાર રસ્તા પાસે અમદાવાદ નાઓએ ૨૦-૨૦ ક્રિકેટ મેચ ચાલુ થયેલ તે પહેલા આરોપી નયન ને આપેલ હોય જે બાબતે તપાસ ચાલુ રાખી જુગારનો ગણનાપાત્ર ક્વોલીટી કેશ સોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે તા.૦૩/૧૦/૨૦૨૦ આરોપીઓના નામ:- નં-(૧)નયન પ્રવિણભાઇ પટેલ ઉ.વ.૨૬ રહે.મ.નં-એમ/૫૦૨,દેવકૃપા-૦૨ ડી-માર્ટની પાછળ નિકોલ અમદાવાદ શહેર તથા નં-(૨)હર્ષ શંકરભાઇ રેડ્ડી ઉ.વ.૨૩ રહે.મ.નં-બી/૩૦૩,આશ્રય ગોલ્ડ ખોડીયાર માતાના મંદિર પાછળ ન્યુ રાણીપ અમદાવાદ શહેર તથા નં-(૩) નિશાંત ચંન્દ્રવદનભાઇ શેઠ ઉ.વ.૨૬ રહે,મ.નં-સી/૦૨,૧૦૦૧,હોટલ લીલી સોસાયટી અદાણી શાંતીગ્રામ સોલા અમદાવાદ શહેર તથા નં-(૪)નિશાંત મહેશભાઇ પટેલ ઉ.વ.૨૦ રહે,મ.નં-૪૦,જીવરાજ પાર્ક સોસાયટી બાપુનગર.

**મુદ્દામાલ-** રોકડ રૂા.૧૧,૫૫૦/-તથા મોબાઇલ ફોન નંગ-૦૬ કિ.રૂા.૫૦,૦૦૦/-તથા બે ચાર્જર સાથેના લેપટોપ નંગ-૦૨ કિ.રૂા.૫૧,૦૦૦/- તથા એક માઉસ કિ.રૂા.૧૦૦/-તથા LED ટી.વી.કિ.રૂા.૩૫,૦૦૦/-તથા રિમોન્ટ નંગ-૧ કિ.રૂા.૧૦૦/-તથા સેટઅપ બોક્ષ કિ.રૂા.૧૦૦૦/-તથા ત્રણ મો.સા.કુલ્લે કિ.રૂ.૯૭,૦૦૦/-તથા રાઉટર કિ.રૂ.૪,૦૦૦/-તથા કેલ્યુલેટર કિ.રૂ.૧૦૦/-તથા બે નોટબુક કિ.રૂ.૦૦/૦૦ તથા ત્રણ બોલપેન કિ.રૂ.૩૦/- તથા એક આર.સી.બુક કિ.રૂ.૦૦/૦૦ મળી કુલ્લે કિ.રૂ.૨,૪૯,૮૮૦/-નો મુદ્દામાલ

**કામગીરી કરનાર અધિકારી/કર્મચારી**

સર્વેલન્સ પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સાથેના સ્ટાફના માણસો અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં-૧૧૮૦૨ તથા અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ બ.નં-૯૯૯૪ તથા અ.પો.કોન્સ યોગેશકુમાર નરસિંહભાઇ બ.નં-૧૦૦૧૨ તથા અ.પો.કોન્સ જયરાજસિંહ ભીખુભા બ.નં-૭૦૭૯ તથા બીજા સ્ટાફના માણસો

**આરોપીઓનો ફોટો**



# પાસા અટકાયતની વિગત

**કૃષ્ણનગર પોલીસ સ્ટેશનઃ-**

## આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ

## (૧)

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાસા નંબર-૨૧/૨૦૨૦

મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ નં.(૧).કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાર્ટ સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦૧૭૪૪/૨૦૨૦ પ્રોહી કલમ ૬૫(ઇ),૮૧,૯૮(૨) મુજબ તથા (૨).કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાર્ટ સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦૨૦૭૩/૨૦૨૦ પ્રોહી કલમ ૬૫(ઇ),૮૧,૯૮(૨) મુજબ તથા (૩).કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાર્ટ સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦૧૪૪૮/૨૦૨૦ પ્રોહી કલમ ૬૬(૧)(બી),૬૫(એ)(એ), મુજબના પ્રોહીબીશન સબંધેના ગુનાઓ દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૯૯૩/૨૦૨૦ તા.૦૩/૧૦/૨૦૨૦ ના હુકમ આધારે તા.૦૪/૧૦/૨૦૨૦ ના કલાકઃ૧૬/૧૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી ખાસ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા.૦૪/૧૦/૨૦૨૦

### કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પો.ઇન્સ. શ્રી જે.આર.પટેલ તથા એએસઆઇ રમણભાઇ કરશનભાઇ બ.નં.૭૭૫૨ તથા અ.હે.કો. શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૪૮૦૫ તથા અ.પો.કો. મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.લોકરક્ષક કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૧૨૨૦

### **આરોપીનું નામ :-**

ટીપુબેન નારણભાઇ રાઠોડ ઉ.વ.૫૫ ધંધોઃ-ઘરકામ રહે.વસંતનગરના છાપરા ઠકકરનગર કૃષ્ણનગર અમદાવાદ શહેર

(૨)

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાસા નંબર-૨૨/૨૦૨૦

મહે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ કૃષ્ણનગર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦૨૨૦૪/૨૦૨૦ પ્રોહી કલમ ૬૬(૧)(બી),૬૫(એ)(ઇ),૮૧,૯૮(૨),૧૧૬(બી) મુજબના પ્રોહીબીશન સબંધેનો ગુનો દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃ PCB/DTN/PASA/૯૯૪/૨૦૨૦ તા.0૩/૧૦/૨૦૨૦ ના હુકમ આધારે તા.0૪/૧૦/૨૦૨૦ ના કલાકઃ ૨૦/૦૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી ખાસ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા.0૪/૧૦/૨૦૨૦

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી જે.આર.પટેલ તથા એ.એસ.આઇ રમણભાઇ કરશનભાઇ બ.નં.૭૭૫૨ તથા અ.હે.કો. શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૪૮૦૫ તથા અ.પો.કો. મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.લોકરક્ષક કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૧૨૨૦

આરોપીનું નામ:-

રઘુવિર ઉર્ફે રઘુ સ/ઓ પોપટભાઇ બાદરસંગ જાતે બારોટ ઉ.વ.૩૭ રહે.મ.નં.૨૦/૨૨, હરિવીલ્લા ફ્લેટ નવા નરોડા અમદાવાદ શહેર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૦૦/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૩૨૪ લીટર દેશી દારૂ, ૯૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ સ્કુટર અને ૨ મોટર સાયકલ કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૯ કેસ કરી ૪૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૧૩,૨૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૦૧/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**લુંટ :-** **સમાચાર યાદી નં.૧૭૦૨/૨૦૨૦**

**નિકોલઃ** ધનજીભાઇ દેવરાજભાઇ કોલડીયા(રહે.નક્ષત્ર બંગ્લોઝ, રાજભવન બંગ્લોઝ પાસે, નિકોલ) એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૧૦/૨૦૨૦ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે મલબાર બંગ્લોઝ સામે ખુલ્લા પ્લોટમાં ઓટોરીક્ષા ચાલક તેમજ ચાર અજાણ્યા પુરૂષોએ ભેગા મળી ધનજીભાઇ તથા તેમના ભાઇને માર મારી, તીક્ષ્ણ હથિયાર વડે ધનજીભાઇને ઇજા પહોંચાડી તેમના ગળામાં પહેરેલ સોનાની ચેઇન કિમત રૂપિયા ૪૦,૦૦૦/- લુંટ કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.ડી.ઝાલા ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૧૭૦૩/૨૦૨૦**

**સરખેજઃ** જોસેફભાઈ તકેમુરીલભાઈ ચાકો (રહે. સ્વીકાર ટેનામેન્ટ તુલીપ બંગલોઝ અંજતા ઈલોરા રોડ થલતેજ) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૧૦/૨૦૨૦ બપોરના ૩/૦૦ થી તા.૦૪/૧૦/૨૦૨૦ કલાક ૮/૩૦ વાગ્યા દરમ્યાન સરખેજ ઉજાલા સર્કલ પાસે આવેલ પાર્વતીનંદન ફ્લેટની બાજુમાં મીતલ એસ્ટેટમાં આવેલ “રાજ એજન્સી” નામના ફોર વ્હીલના ઓટો પાર્ટસના ગોડાઉનની જાળીના તાળા તોડી, અજાણી વ્યક્તિ ગોડાઉનમાં પ્રવેશ કરી તીજોરીમાંથી રોકડ રૂપિયા ૧,૩૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ વુ.પો.સ.ઇ. શ્રી એસ.એ.આસનાણી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૭૦૪/૨૦૨૦**

**મેઘાણીનગરઃ** સંતોષ સ/ઓ રામપ્રસાદ બઘેલ (ઉ.વ.૨૨) (રહે. વિરેન્દ્ર શેઠની ચાલી વી.વી.તોમર સ્કુલ પાછળ ભાર્ગવ રોડ મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૦૪/૧૦/૨૦૨૦ કલાક ૧/૦૦ થી ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે છતના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અગેની તપાસ મ.સ.ઇ.શ્રી મણીલાલ વાલજીભાઇ ચલાવે છે.

**નરોડાઃ** રીયાબહેન વા/ઓ રાહુલભાઇ ગાવડ (ઉ.વ.૨૭) (રહે. હીમાલીયા ગ્રીન ગેલેક્ષી સીનેમા ની બાજુમાં નરોડા) એ અગમ્ય કારણસર તા.૦૪/૧૦/૨૦૨૦ બપોરના ૧/૦૦ થી ૧/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જી.કામળીયા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી